ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research E-Journal

# ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ

ટાલીયા ચનાભાઈ ભીખાભાઈ

PhD Scholar

Department of Economics

Saurashtra University

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## સારાંશ

ભારતમાં સ્વતંત્રતા પછી પશુપાલન અને તેમની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થયેલો જોવા મળે છે. જેના કારણે ભારત વિશ્વના ડેરી ઉદ્યોગમાં મોખરાનું સ્થાન પ્રાપ્ત કરી રહ્યો છે. જેના ફલસ્વરૂપે ભારત વિશ્વમાં દૂધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમાંક ધરાવતો દેશ બન્યો છે.

## પ્રસ્તાવના

ભારતનું અર્થતંત્ર ખાસ કરીને ખેતી ક્ષેત્ર પર આધારીત છે. રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં ખેતી ક્ષેત્રનું મહત્વનું યોગદાન રહ્યું છે. અન્ન ઉત્પાદનની દ્રષ્ટિએ પણ કૃષિ ક્ષેત્રનું આગવું મહત્વ રહેલું છે પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા ભારત ખેતીપ્રધાન દેશ હોવા છતાં માત્ર ખેતીનો જ વિકાસ કરીને આર્થિક વિકાસનો ઉચો દર લાવી શકવાનું  શક્ય નથી. કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલી આનુસંગિક પ્રવૃત્તિઓની પણ એટલી જ જરૂર છે. ખેતી ક્ષેત્રના વિકાસ માટે જેમ હરિયાળી ક્રાંતિનું ક્રાંતિકારી પગલું ભરવામાં આવ્યું છે. તેમ પશુપાલન અને ડેરી ઉદ્યોગના વિકાસ માટે પણ આઝાદી બાદ શ્વેતક્રાંતિનુ પગલું ભરવામાં આવ્યું છે. જેના કારણે ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ થયો છે.

## ચાવીરૂપ શબ્દો

ડેરી, દૂધ, દૂધ ઉત્પાદકો, પશુપાલન

VIDHYAYANA

## ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ

પશુપાલન અને ડેરી ઉદ્યોગની શરૂઆત ક્યાંથી, ક્યારે થઇ તે જાણવા કૃષિ વિકાસ તરફ દ્રષ્ટિપાત કરીએ તો ડો.એમ.એસ. રંધવા " A History of agriculture in India "માં દસ્તાવેજી પુરાવા સાથે આપેલ વર્ણન મુજબ ઇ.સ. પૂર્વે 7500 થી ઇ.સ. પૂર્વે 6000 વર્ષ પહેલા એટલે કે ઉત્તર પાષાણ યુગમાં ઇઝરાયેલ, જોર્ડન, એંટોલીયા, ઈરાક, કાશ્પીયન સામુદ્રિક ધુની અને ઇરાનના પહાડી પ્રદેશ તથા તેની આસપાસના વિસ્તારોમાં ઘઉં અને જવ જેવા ખાદ્ય અનાજથી કૃષિની શરૂઆત થઇ છે. તે સમયે લોકો ઘેટા-બકરા, ડુક્કર તથા ગાય-બળદ જેવા પ્રાણીઓનું પાલન કરતા હોવાના પુરાવા રજૂ કરવામાં આવ્યા છે. ભારતમાં આઝાદી સમય બાદ ડેરી ઉદ્યોગની પરિસ્થિતિ ઉપર વિહંગાવલોકન કરતાં કેટલીક ખાનગી ડેરીઓ તથા મીલીટરી ડેરી ફાર્મ સિવાય કોઈ ચોક્કસ

પ્રકારની સંગઠિત માળખાનો સ્પષ્ટ અભાવ જોવા મળે છે. ત્યારબાદ અમુલ ડેરી શરૂઆતમાં દ્વિસ્તરીય સહકારી માળખા પર આધારિત હતી. પરંતુ રાજ્યકક્ષાનું ફેડરેશન ઉમેરાતા ત્રિસ્તરીય માળખાવાળું તંત્ર સમગ્ર દેશમાં રચાયું. જેના અન્વયે દૂધ ઉત્પાદકોનું ખાનગી વેપારીઓ, પોલસન ડેરીના વેપારીઓ અને એજન્ટો દ્વારા જે શોષણ થતું હતું તે બંધ થયું અને સહકારી ડેરી ઉદ્યોગનો વિકાસ થયો.

## ભારતમાં ડેરી ઉદ્યોગના વિકાસના તબક્કાઓ

1. ખાનગી ક્રિમરી
2. મીલીટરી ડેરી ફાર્મ
3. સ્ટેફર્ડ ડેરી પ્લાન્ટ
4. કોહલર ડેરી
5. ભારત ડેરી સપ્લાય કંપની
6. સરકારી ક્રિમરી
7. ઇમ્પિરિયલ ઇન્સ્ટિટયૂટ ઓફ એનીમલ હસબન્ડરી એન્ડ ડેરી
8. પોલસન ડેરી
9. સરકારી દૂધ યોજના
10. બોમ્બે મિલ્ક સ્કીમ
11. મિલ્ક કોલોનીઓ
12. સહકારી ધોરણે ડેરી

## હેતુઓ

1. ભારતનાં ડેરી ઉદ્યોગના વિકાસ અંગેની માહિતી મેળવવી.

2. ભારતનાં કુલ દૂધના ઉત્પાદન વિશે માહિતી મેળવવી.

## સંદર્ભ સાહિત્ય

1.) મહેતા સુધા (2018)

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

અત્રે પ્રસ્તુત પુસ્તકમાં ઓપરેશન ફ્લડની ચર્ચા કરવામાં આવી છે. વિશ્વભરમાં ડેરી વિકાસમાં ડો.વર્ગીસ કુરિયને ભારતને વિશ્વમાં દૂધના સૌથી વધુ ઉત્પાદન કરતા દેશને સ્થાને પહોંચાડયું છે. આ ઓપરેશન ફ્લડ ત્રણ તબક્કામાં અમલમાં મુકાયું હતું. પ્રથમ તબક્કો 1970થી 1981, બીજો તબક્કો 1981 થી 1985 અને ત્રીજો તબક્કો 1985 થી 1996 આમ ત્રણ તબક્કામાં ઓપરેશન અમલમાં મૂકવામાં આવ્યું હતું. આ ત્રણેય તબક્કાના કારણે ભારતમાં દૂધના ઉત્પાદનમાં મોટા પ્રમાણમાં વધારો થયો હતો. આ ઓપરેશન ફ્લડના શિલ્પી તરીકે ડો.વર્ગીસ કુરિયનને ઓળખવામાં આવે છે તેમજ લોકો તેમને શ્વેતક્રાંતિના જનક તરીકે પણ ઓળખે છે.

2.) સગર ઇલાબેન ડી., (2016)

અત્રે પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં ભારતમાં વિશાળ પશુધન હોવા છતાં નબળી ઓલાદ, અપૂરતો પોષક આહાર, ઓછી દૂધ ઉત્પાદકતા વગેરે બાબતો પર ધ્યાન કેન્દ્રિત કરીને તેને વિકસાવવાના પ્રયત્નો શરૂ કરવામાં આવ્યા છે. જેની ડેરી ઉદ્યોગ પર હકારાત્મક અસરો પડશે. તેમજ ભારતમાં ડેરી ઉદ્યોગના વિકાસ અંગે માહિતી આપવામાં આવી છે.

3.) શાહ રમા જે., (2016)

અત્રે પ્રસ્તુત સંશોધન પેપરમાં પશુપાલનનો વ્યવસાય ગ્રામીણ અર્થતંત્ર કે જ્યાં રોજગારીની તકો અપૂરતી છે ત્યાં નોંધપાત્ર આવક ઊભી કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. ડેરી ઉદ્યોગ કૃષિ અને ઉદ્યોગોને પરસ્પર સાંકળી અને તેની સાથે જોડાયેલા ઉત્પાદનના સાધનોને નવી ઓળખ આપી છે. જેથી આ ઉદ્યોગમાં ખાસ કરીને ગુજરાતને ચાવીરૂપ સ્થાન મળ્યું છે. આમ પશુપાલન વ્યવસાય રોજગારી અને આવક પ્રાપ્ત કરવા માટે તેમ બંને રીતે ફાયદાકારક છે. ગ્રામીણ પ્રજા જાગૃત થાય અને આ વ્યવસાયમાં વધુ લોકો જોડાય તો ખાસ કરીને ગ્રામીણ વિસ્તારની પ્રચ્છનં બેકારી હળવી કરી શકાય.

## માહિતીનું એકત્રીકરણ


પ્રસ્તુત અભ્યાસમાં ભારત સરકાર દ્વારા પ્રકાશિત થયેલા જુદા-જુદા અહેવાલો, પુસ્તકો, વેબસાઇટ, સર્વે વગેરેનો ઉપયોગ કરી ગૌણ માહિતીનું એકત્રીકરણ કરીને ગૌણ માહિતીના આધારે સંશોધન લેખ તૈયાર કરવામાં આવેલ છે.

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

## માહિતીનું પૃથક્કરણ

1. ભારતમાં અંદાજિત દૂધ ઉત્પાદન મિલિયન ટનમાં તે અંગેની વિગતો.

| YEAR | Million Tonnes |
|---|---|
| 2009-10 | 116.4 |
| 2010-11 | 121.8 |
| 2011-12 | 127.9 |
| 2012-13 | 132.4 |
| 2013-14 | 137.7 |
| 2014-15 | 146.3 |
| 2015-16 | 155.5 |
| 2016-17 | 165.4 |
| 2017-18 | 176.3 |
| 2018-19 | 187.7 |




Source: Basic animal Husbandry statistics, DAHD&F GOI

ટેબલ નંબર 1માં ભરતમાં અંદાજિત દૂધ ઉત્પાદન ટનમાં માહીતી દર્શાવવામાં આવી છે. આ માહિતી Basic animal Husbandry statistics, DAHD&F GOI માંથી મેળવવામાં આવી છે. વર્ષ 2009-10માં દુધ ઉત્પાદન 116.4 મિલિયન ટનનું થતું હતું. જે 2018-19માં વધીને 187.7 મિલિયન ટન જેટલું થયું હતું. આ 10 વર્ષના સમયમાં દૂધના ઉત્પાદનમાં 71.3 મિલિયન ટન જેટલો વધારો થવા પામ્યો છે. આ આંકડાઓ જોતાં ખ્યાલ આવે છે કે વર્ષ 2017-18માં દૂધ ઉત્પાદન 176.3 મિલિયન ટન જેટલું હતું. જે વર્ષ 2018-19 માં વધીને 187.7 ટન જેટલું થવા

પામ્યું હતું. આમ,એક વર્ષમાં જ આ દૂધ ઉત્પાદન 11.4 મિલિયન ટન જેટલું વધવા પામ્યું હતું. ઉપરોક્ત આંકડાઓ જોતાં ખ્યાલ આવે છે કે દરેક વર્ષમાં દૂધ ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળે છે. જેના કારણે કહી શકાય કે ભારતમાં ડેરી ઉદ્યોગમાં જોડાવવા થી રોજગારી અને આવકમાં સારો એવો વધારો કરી શકાય છે.

## તારણો

1. ભારતમાં દૂધ ઉત્પાદનમાં સતત વધારો થતો જોવા મળેલ છે.
2. દૂધ ઉત્પાદનમાં વધારો થતાં ભારત દેશના લોકોની માથાદીઠ દૂધની પ્રાપ્યતામાં પણ વધારો થયો છે.

## સંદર્ભસૂચિ:

**1.) મહેતા સુધા (2018). મારું સ્વપ્ન. અમદાવાદ: આર. આર. શેઠ એન્ડ કંપની પ્રાઇવેટ લિમિટેડ.**

**2.) સગર ઇલાબેન ડી., (2016). ભારતમાં ડેરી ઉદ્યોગનો વિકાસ. Research Genius E Journal. Volume-1, Issues-1, ISSN 2456-1002.**

**3.) શાહ રમા જે., (2016). પશુપાલન અને ડેરી ઉદ્યોગ દ્વારા ગ્રામિણ રોજગારી. Ahmedabad: Kcg portal Journals.Issue-16.**

Websites:

1 ) www.amul.com

2 ) www.gcmmf.com

3 ) www.nddb.coop

4 ) https://en.m.wikipedia.org/wiki/Dairy_in_India